### આણંદમાં 26મી ફેબ્રુઆરીથી 18મી માર્ચ સુધી ચાલનારી કસોટી માટે વહીવટી તંત્ર સજ્જ

# આણંદ જિલ્લાના 50,966 વિદ્યાર્થીઓનું ભાવિ સીસીટીવીની નજર હેઠળ ઘડાશે

**દિવ્યાંગો માટે ગ્રાઉન્ડ** ફ્લોર પર વ્યવસ્થા અને 59 વિદ્યાર્થીઓને લહિયાની મંજૂરી

(પ્રતિનિધિ) આણંદ તા.25

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ-10 અને ધોરણ-12ની પરીક્ષાઓનો આગામી 26મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે. આણંદ જિલ્લામાં આ શૈક્ષણિક મહાકુંભ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કુલ 50,966 વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

આણંદ જિલ્લા શિક્ષણ અધિકારી ડો. અર્ચનાબેન પ્રજાપતિએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ધોરણ-10ની પરીક્ષા માટે આણંદ, પેટલાદ અને આંકલાવ એમ ત્રણ ઝોન બનાવવામાં આવ્યા છે. જિલ્લાના વિવિધ કેન્દ્રો પર તમામ ક્લાસરૂમ, બિલ્ડિંગ અને બ્લોક ખાતે સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વિશેષ સુવિધાઓ અને સંવેદનશીલ અભિગમ તંત્ર દ્વારા દિવ્યાંગ ઉમેદવારો પ્રત્યે વિશેષ સંવેદના દાખવતા તેમને કોઈ તકલીફ ન પડે તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો પર ગ્રાઉન્ડ ફ્લોર પર જ અલગ બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે.

**પરીક્ષાના મહત્વના હેલ્પલાઇન નંબરો**

**જિલ્લા** કક્ષાનો કંટ્રોલરૂમ (સવારે 7થી રાત્રે 8): 02692 -264 153
**ગાંધીનગર** બોર્ડ ટોલ ફ્રી નંબર: 1800 233 5500
**જીવન આસ્થા** હેલ્પલાઇન (24 x 7 ): 1800 233 3330
**સ્ટેટ કંટ્રોલ** રૂમ: 99090 38768 / 079 - 232 20538

# ખેડા જિલ્લામાં 173 કેન્દ્ર પરથી 47,611 વિદ્યાર્થી ભાવિ અજમાવશે

**અઢી હજારથી** વધુ કર્મચારીઓનો કાફલો તૈનાત

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

ખેડા જિલ્લામાં 26મી ફેબ્રુઆરીથી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. આ પરીક્ષા 18મી માર્ચ સુધી ચાલશે. જિલ્લામાં પરીક્ષાનું વાતાવરણ સુચારું અને પારદર્શક રહે તે માટે કલેક્ટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કલેક્ટરે પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય અને વિદ્યાર્થીઓને કોઈ અગવડ ન પડે તે માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી છે.

ખેડા જિલ્લા શિક્ષણાધિકારી કલ્પેશભાઈ રાવલે જણાવ્યું હતું કે, પરીક્ષા માટે 1730 બ્લોક સુપરવાઇઝર, 173 સ્થળ સંચાલકો અને 173 ઝોનલ પ્રતિનિધિઓ સહિત કુલ 2560થી વધુ કર્મયોગીઓ ફરજ બજાવશે. તમામ 173 પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા દ્વારા બાજ નજર રાખવામાં આવશે, જેનું નિરીક્ષણ ટીમ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે. બોર્ડની પરીક્ષાના તણાવને દૂર કરવા અને મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષણ વિભાગ દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં સવારે 7થી રાત્રે 8 કલાક સુધી કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. આ ઉપરાંત માનસિક તણાવ માટે નિષ્ણાત કાઉન્સેલરોનો પણ સંપર્ક કરી શકાશે. આ સમીક્ષા બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર જે.બી. દેસાઈ, નાયબ પોલીસ અધિક્ષક ડો. દિવ્યાબેન જાડેજા સહિત જિલ્લાના અન્ય ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

**169 દિવ્યાંગો માટે ખાસ લહિયાની સુવિધા અપાશે**

જિલ્લામાં 169 દિવ્યાંગ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આ વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધાના ભાગરૂપે 40 લહિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન દર કલાકે 20 મિનિટની વિશેષ રિશેષ (બ્રેક) આપવામાં આવશે.

### નરસીંગપુર પારગી ફળીયામાં લગ્ન કરાવી આપવાની જીદ પુત્રને ભારે પડી

# સંતરામપુરમાં પિતાએ જ લાકડીના ફટકા મારી પુત્રને મોતને ઘાટ ઉતાર્યો

**પિતા-પુત્ર** વચ્ચે થયેલી તકરાર લોહીયાળ બની

(પ્રતિનિધિ) સંતરામપુર તા.25

સંતરામપુરના નરસીંગપુર પારગી ફળીયામાં એક પિતાએ પિતા-પુત્રના પવિત્ર સંબંધને લજવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લગ્ન કરવાની મહેચ્છા રાખતા પુત્રએ પિતાને લગ્ન કરાવી આપવાનું કહેતા, ઉશ્કેરાયેલા પિતાએ પુત્રના માથામાં લાકડીનો ફટકો મારી તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જે બાદ સારવાર દરમિયાન પુત્રનું કરુણ મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સંતરામપુરના નરસીંગપુર પારગી ફળીયામાં રહેતા રમેશભાઈ કચરાભાઈ ભાભોર અને તેમના પરણવા લાયક પુત્ર પ્રકાશભાઈ વચ્ચે 16મી ફેબ્રુઆરીની રાત્રે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પ્રકાશભાઈએ પિતાને તમે મારા લગ્ન કેમ નથી કરાવતા? તેમ પૂછતા મામલો બિચક્યો હતો. આ ઝઘડો વધતા પિતા રમેશભાઈએ ગુસ્સામાં ભાન ભૂલીને પુત્ર પ્રકાશના માથામાં લાકડીનો જીવલેણ ફટકો મારી દીધો હતો. આથી, ગંભીર રીતે ઘવાયેલા પ્રકાશને પ્રથમ સંતરામપુર અને ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સિવિલ અને વડોદરાની એસ.એસ. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, વડોદરા ખાતે સારવાર દરમિયાન પ્રકાશ જિંદગીની જંગ હારી ગયો હતો. આ સમગ્ર મામલે મૃતકના દાદા મોહનભાઈ ભાભોરે પોતાના જ પુત્ર રમેશભાઈ વિરુદ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# આણંદના લાંભવેલ રોડ પર દબાણ હટાવવામાં આવ્યાં

**જોગણી માતા** મંદિર પાસેના લારી-ગલ્લા અને કેબિનો પર મનપા ત્રાટકી

(પ્રતિનિધિ) આણંદ તા.25

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો સામે તંત્રએ લાલ આંખ કરી છે. મ્યુનિસિપલ કમિશનરની કડક સૂચના બાદ એસ્ટેટ વિભાગની ટીમે આજે લાંભવેલ રોડ પર જોગણી માતાના મંદિર પાસેના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી, જેમાં આશરે 50 ગુંઠા જેટલી સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી છે.

આણંદના લાંભવેલ રોડ પર લાંબા સમયથી રસ્તાની આસપાસ ગેરકાયદે લારી-ગલ્લા, લોખંડની કેબિનો અને તાડપત્રી મારીને દબાણો કરવામાં આવ્યા હતા.

આ દબાણોને કારણે અવરજવરમાં મુશ્કેલી પડતી હોવાથી મનપાના એસ્ટેટ વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તમામ કાચા-પાકા દબાણો હટાવી દીધા હતા. આ કામગીરી દ્વારા અંદાજે 50 ગુંઠા જેટલી જમીન દબાણમુક્ત કરવામાં સફળતા મળી છે.

### ભાજપ મહિલા મોરચાએ રાહુલ ગાંધીના નિવેદન સામે વિરોધ પ્રદર્શન કર્યો




દિલ્હીમાં એઆઈ સમિટ દરમિયાન રાહુલ ગાંધી દ્વારા દેશની આંતરરાષ્ટ્રીય છબી ખરડવાના પ્રયાસના વિરોધમાં ખેડાના વીર ભગત સિંહ ચોક ખાતે મહિલા મોરચા દ્વારા ઉગ્ર ધરણા યોજાયા હતા. જિલ્લા અધ્યક્ષ નયનાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રમુખ ધર્મિષ્ઠાબા મહીડા અને પાલિકા પ્રમુખ જોસનાબેન પટેલ સહિત વિશાળ સંખ્યામાં માતૃશક્તિ આ વિરોધ પ્રદર્શનમાં જોડાઈ હતી. મહામંત્રી પાર્વતીબેન મકવાણા અને રીટાબેન ઓઝા સહિત સંગઠનના હોદ્દેદારો તથા નગરપાલિકાના સભ્યોએ કોંગ્રેસની આ નીતિને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વીરપુરમાં ભાજપના આગેવાનોએ પીઆઇ પ્રવિણ કરેણને અભિનંદન પાઠવ્યા



**વીરપુર** | વીરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર પ્રવિણ કરેણ દ્વારા 2018માં થયેલા કુખ્યાત 'રાબડી કેસ' સંદર્ભે હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં અદાલતે પીઆઈની કામગીરીને સેલ્ફ ડિફેન્સ અને પરિવારના બચાવ માટે ગણાવી તેમને સન્માનપાત્ર ઠેરવ્યા છે. આ ઐતિહાસિક ચુકાદાને પગલે બુધવારે સર્કિટ હાઉસ ખાતે ભાજપ યુવા મોરચાના પ્રમુખ દિગ્વિજયસિંહ રાઠોડ અને તાલુકા પંચાયત સદસ્ય દલપતસિંહ સહિતના ભાજપ કાર્યકર્તાઓએ પીઆઈ પ્રવિણ કરેણની રૂબરૂ મુલાકાત લીધી હતી. કાર્યકરોએ પીઆઈને પુષ્પગુચ્છ આપીને અભિનંદન પાઠવ્યા હતાં.

### કેડીસીસી બેંકની ઘડીયા શાખા ખાતે એટીએમ મશીનનું લોકાર્પણ કરાયું



**નડિયાદ** | કપડવંજ તાલુકાની ઘડીયા શાખા ખાતે કેડીસીસી બેંકના ડિરેક્ટર જિતેન્દ્રભાઈ પટેલના હસ્તે નવનિર્મિત એટીએમ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેંકના ચેરમેન તેજસકુમાર બી. પટેલના નેતૃત્વ હેઠળ ગ્રાહકોને ઝડપી અને આધુનિક સેવાઓ પૂરી પાડવા માટે ડિજિટલાઇઝેશન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ એટીએમ સુવિધાથી ગ્રાહકો માટે નાણાં ઉપાડવા અને જમા કરાવવાની પ્રક્રિયા વધુ સરળ બનશે તેમજ બેંકના સંચાલન ખર્ચમાં પણ ઘટાડો થશે.

### નડિયાદ મહાનગરપાલિકાની નિષ્ક્રિયતાના પાપે રખડતા ઢોરોનો આતંક યથાવત

# નડિયાદમાં સ્કૂલ પાસે ગાયનું માથુ સાયકલમાં ફસાતાં અફડા તફડી

**ભૂતકાળમાં** અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હોવા છતાં તંત્રની આંખ ઉઘડતી નથી

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદ શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા હવે જનતા માટે જીવલેણ બની રહી છે, છતાં મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી શારદા મંદિર સ્કૂલ સામે એક ગંભીર ઘટના બની હતી, જેમાં રસ્તા પર રખડતી એક ગાયનું મુખ સાયકલમાં ફસાઈ ગયું હતું. જેથી અફડાતફડી મચી હતી.



આ ઘટનાને પગલે ગાય ગભરાઈને બેબાકળી બની આમતેમ દોડવા લાગતા શાળા છૂટવાના સમયે વિદ્યાર્થીઓ અને રાહદારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે આસપાસના જાગૃત નાગરિકોએ જીવના જોખમે દોડી જઈ ભારે જહેમત બાદ ગાયને સાયકલમાંથી મુક્ત કરી હતી. જોકે, આ લોહિયાળ અકસ્માત સર્જાતા રહી ગયો હતો, પરંતુ તંત્રની ઘોર ઉદાસીનતા ફરી એકવાર છતી થઈ છે.

# વીરપુરમાં SBI દ્વારા ₹10 અને ₹20ની નવી નોટોનું વિતરણ


તસવીર: નાથુસિંહ પરમાર

(પ્રતિનિધિ) વીરપુર, તા.25

મહિસાગર જિલ્લાના વીરપુર ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા દ્વારા ફ્રેશ નોટ વિતરણ કેમ્પનું વિશેષ આયોજન કરાયું હતું. આ કેમ્પ દરમિયાન શાખામાં આવેલા તમામ ખાતાધારકોને વ્યક્તિગત રીતે રૂપિયા 10 અને 20ની નવી નોટોના બંડલ આપવામાં આવ્યા હતા. હાલમાં બજારમાં નાની ચલણી નોટોની અછત પ્રવર્તી રહી હોવાને કારણે, બેંકની આ અચાનક પહેલથી ગ્રાહકોમાં આનંદ અને સંતોષની લાગણી છવાઈ ગઈ હતી. આ પ્રયત્નથી ગ્રાહકોને નાની કરન્સીની જરૂરિયાતમાં મોટી રાહત મળી હતી. જે બદલ બેંકનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખેડા જિલ્લા ભારતીય મજદૂર સંઘે શ્રમિકોના પડતર પ્રશ્ને દેખાવો કર્યાં

**લઘુત્તમ પેન્શન** 7500 કરવા અને કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવા માગણી કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

ખેડા જિલ્લા ભારતીય મજદૂર સંઘ દ્વારા શ્રમિકોના વિવિધ પડતર પ્રશ્નો અને હિતલક્ષી માંગણીઓના ઉકેલ માટે નડિયાદ ખાતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ઓડિશાના પુરી ખાતે યોજાયેલા ભારતીય મજદૂર સંઘના 21માં ત્રિવાર્ષિક અખિલ ભારતીય અધિવેશનમાં લેવાયેલા ઠરાવોના તાત્કાલિક અમલીકરણ માટે વડાપ્રધાન અને કેન્દ્રીય શ્રમ મંત્રીને ઉદ્દેશીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

આ માગણીમાં શ્રમિક સંગઠને આર્થિક સુરક્ષાના ભાગરૂપે ઈપીએસ 95 હેઠળ મળતા માસિક લઘુત્તમ પેન્શનને 1000 થી વધારીને 7500 કરવા અને તેની સાથે મોંઘવારી રાહત આપવાની માંગણી કરી છે. આ ઉપરાંત, પેમેન્ટ ઓફ બોનસ એક્ટ હેઠળ બોનસની પાત્રતા મર્યાદામાં સુધારો કરવા અને ESI-EPF ની કવરેજ મર્યાદા વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. દેશમાં વધતી જતી કોન્ટ્રાક્ટ પદ્ધતિથી શ્રમિકોનું શોષણ થતું હોવાના આક્ષેપ સાથે સંગઠને આ પ્રથા નાબૂદ કરી કામદારોને નિયમિત કરવાની માંગ કરી છે. સરકારી અને અર્ધસરકારી વિભાગોમાં સામાન્ય ભરતી પરનો પ્રતિબંધ હટાવી યુવાનોને ગેરંટીયુક્ત અને સુરક્ષિત રોજગારી પૂરી પાડવા સરકાર સમક્ષ આગ્રહ રાખવામાં આવ્યો છે. શ્રમિકોના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે 'ભારતીય શ્રમ પરિષદ'ની બેઠક તાત્કાલિક બોલાવી ત્રિપક્ષીય મિકેનિઝમનું પુનરુત્થાન કરવાની માંગ કરાઈ છે. નવા શ્રમ કાયદામાં કામદારોની ચિંતાઓનું યોગ્ય નિરાકરણ લાવવા માગ કરી હતી.

# નડિયાદમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં નરાધમને 20 વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદની ત્રીજી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે (સ્પેશિયલ પોક્સો કોર્ટ) એક ગંભીર ગુનામાં ઐતિહાસિક ચુકાદો આપતા સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપી સુનીલ મહેન્દ્રભાઈને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ન્યાયાધીશે નોંધ્યું હતું કે સમાજમાં આવા ગંભીર ગુના અટકાવવા તે ન્યાયપાલિકાની પવિત્ર ફરજ છે.

મહુધા તાલુકાના હેરજ ગામે રહેતા સુનીલ મહેન્દ્રભાઈએ ગત 26મી એપ્રિલ, 2024ના રોજ 17 વર્ષ અને 3 માસની સગીરાને લગ્નની લાલચ આપી તેના વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો. બાદમાં સગીરાની મરજી વિરુદ્ધ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે મહુધા પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલવા પર આવ્યો હતો.

આ કેસમાં સરકારી વકીલ રાહુલ બ્રહ્મભટ્ટની ધારદાર દલીલો અને રજૂ કરાયેલા 15થી વધુ દસ્તાવેજી પુરાવાઓ તેમજ 12 સાક્ષીઓની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવ્યો હતો. આ કેસની ખાસ બાબત એ રહી કે તમામ સાક્ષીઓએ કેસને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું અને એક પણ સાક્ષી હોસ્ટાઈલ જાહેર થયો નહતો. આ કેસમાં અદાલતે આઈપીસી 363 અને 366 હેઠળ પાંચ - પાંચ વર્ષની સજા અને પોક્સોની કલમ 6 મુજબ 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ સાથે આરોપીને કુલ રૂ.25 હજારનો દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદનો હુકમ કર્યો છે. વધુમાં, ભોગ બનનાર સગીરાને આરોપી પાસેથી વળતર પેટે રૂ. એક લાખ અપાવવાનો પણ હુકમ કર્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પલેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

# કપડવંજના કાવઠ ગામની બે સગી બહેનો PSI તરીકે પસંદ થઇ

**પિતા અને** ભાઈ પણ પોલીસમાં હોવાથી એક જ પરિવારના 4 સભ્યો વર્દીમાં ફરજ બજાવી ઇતિહાસ રચશે



(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

કપડવંજ તાલુકાના કાવઠ ગામની બે સગી બહેનોએ પોલીસ સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષા પાસ કરીને સમગ્ર પંથકમાં ગૌરવ વધાર્યું છે. આ પરિવારમાં પિતા અને પુત્ર અગાઉથી જ પોલીસ વિભાગમાં કાર્યરત છે, ત્યારે હવે બે દીકરીઓ પણ પીએસઆઈ બનતા એક જ પરિવારના 4 સભ્યો ખાખી વર્દીમાં દેશસેવા કરશે. તમન્ના પરમાર અને શીતલ પરમારે પોતાની મહેનત અને લગનથી આ સિદ્ધિ હાંસલ કરી છે.

કાવઠ ગામના મનુભાઈ પરમાર આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે આણંદ જિલ્લાના ભાલેજ પોલીસ સ્ટેશન મુકામે ફરજ બજાવે છે, જ્યારે ભાઈ દીપક પણ ભાલેજ પોલીસ સ્ટેશન મુકામે ફરજ બજાવે છે. હવે બંને દીકરીઓ પીએસઆઈ બનતા એક જ પરિવારના 4 સભ્યો પોલીસ વિભાગમાં સેવા આપશે. આ કદાચ પ્રથમ કિસ્સો છે જ્યાં એક જ પરિવારના આટલા સભ્યો પોલીસ દળમાં હોય. પિતા અને પુત્ર એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે, જ્યારે દીકરી તમન્ના આણંદ જિલ્લામાં જ સેવા આપી રહી છે. આમ પિતા, પુત્ર અને દીકરી ત્રણેય આણંદ જિલ્લાના પોલીસ વિભાગમાં કાર્યરત છે. તમન્ના પરમાર વર્ષ 2023માં ખંભાત પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી હતી. પોતાની બહેન સાથે તૈયારી કરીને તેણે પીએસઆઈ પરીક્ષામાં જનરલ મેરિટમાં 46મો અને એસસી કેટેગરીમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જ્યારે શીતલ પરમાર વર્ષ 2023માં કોન્સ્ટેબલની પરીક્ષામાં માત્ર 4 માર્ક્સથી તક ચૂકી હતી. જોકે તેણે બાદમાં કોન્સ્ટેબલની પરીક્ષા પાસ કરી હતી. અથાગ મહેનત ચાલુ રાખીને આ વર્ષે તેણે પીએસઆઈ પરીક્ષા પણ પાસ કરી, જેમાં જનરલ મેરિટમાં 42મો અને એસસી કેટેગરીમાં ચોથો ક્રમાંક મેળવીને ઈતિહાસ રચ્યો છે. મહેનત અને લગનથી હાંસલ કરેલી સફળતા અન્ય યુવાનો અને ખાસ કરીને દીકરી માટે પ્રેરણાસ્ત્રોત બની છે. યોગ્ય માર્ગદર્શન અને સખત મહેનતને કારણે આ સિદ્ધિ મળી છે.